તા. ૩૦-૫-૧૯૬૩.

રવાના: ચીમનભાઈ દેસાઈ,
દેસાઈની હવેલી,
વાકરોલ, વાયા: આણંદ.

4755

પ્રતિ શ્રી ભાઈલાલભાઈ દયાભાઈ પટેલ,
પ્રમુખ, ગુજરાત સ્વતંત્રપક્ષ
વલ્લભ વિદ્યાનગર.

વાકરોલથી ચીમનભાઈ દેસાઈના જય ગાંધીજી વાંચશો.

વિશેષ લખવાનું કે આજરોજ વહેલી સવારે મારા જાણવામાં આવ્યું કે ૭ મી જુન ૧૯૬૩ ના રોજ આપ ૭૫ વરસ પુરાં કરો છો, અને હવે પછીનું આપનું બાકીનું જીવન, લેખન, વાંચન અને પ્રભુસ્મરણમાં ગાળવા ઇચ્છો છો એ ખરેખર, હિન્દુ શાસ્ત્રમાં બતાવ્યા પ્રમાણેની ચોથી અવસ્થાનું કાર્ય છે. આપની ત્રીજી અવસ્થાના કાર્યમાં લોકશાહીને સમૃધ્ધ કરવા માટે કોંગ્રેસ જેવી માતબર સંસ્થા સામે સ્વતંત્રપક્ષની સ્થાપના કરી મજબુત પક્ષ ઉભો કર્યો અને એ સર્વે ઉપર કીર્તિનો કળશ રૂપે આપે રાજકોટની પેટા ચુંટણીમાં શ્રી મસાણીને ઉભા રાખી કોંગ્રેસને હરાવી શ્રી મસાણીને જીત અપાવી, આ રીતે કીર્તિની ટોચ ઉપર પહોંચીને હવે ચોથી અવસ્થાનું કાર્ય કરશો એ ખરેખર પ્રશંસનીય છે.

આ રીતે આપનું શેષ જીવન વિતાવવા માગો છો એટલે સ્વાભાવિક રીતે આપ ગુજરાત સ્વતંત્રપક્ષના પ્રમુખ પદેથી છુટા થશોજ. આથી મેં પણ મારા મનથી મનોમંથન કરી નિર્ણય કર્યો છે જે આપને જણાવવાની રજા લઉ છું.

આપે ગુજરાત સ્વતંત્ર પક્ષનું પ્રમુખસ્થાન સ્વીકાર્યુ અને સાચી લોકશાહી વિકસાવવા માટે એક મજબુત વિરોધપક્ષની જરૂરિયાત પુરી પાડી, પક્ષને મજબુત બનાવ્યો. આપના એક શિષ્ય તરીકે તે વખતે મેં પણ એમ માન્યું કે પક્ષ સ્થાપવા માટે નાણાંભંડોળ એ પણ એક આવશ્યક વસ્તુ છે અને તેમાં મારાથી બની શકે તે રીતે આપની સાથે રહી કામ કરવું એ ફરજ માની ગુજરાત સ્વતંત્ર પક્ષના ખજાનચી તરીકેનો હોદ્દો સંભાળી આજ સુધી કામ કર્યુ છે. પરંતુ આપ ગુજરાત સ્વતંત્ર પક્ષના પ્રમુખ પદેથી છુટા થાઓ છો ત્યારે મારે પણ મારી દ્રષ્ટિએ રાજકારણમાં શી રીતે કામ કરવું એ એક પ્રશ્ન છે અને તે પ્રશ્નનો ઉકેલ વિચારણાને અંતે મારી દ્રષ્ટિએ મેં શોધ્યો છે.

આપની સુચના અનુસાર ચરોતર ગ્રામોધ્ધાર સહકારી મંડળ લિ. ના મંત્રી અને ચારૂતર વિદ્યામંડળના સહમંત્રી તરીકે જવાબદારી સંભાળું છું. આ જવાબદારીની સાથે રાજકારણની સંસ્થામાં મુખ્ય હોદ્દેદાર તરીકે કામ કરવું એ સુસંગત નથી, એમ હું માનતો હોવા છતાં ગુજરાત સ્વતંત્ર પક્ષના ખજાનચી તરીકેનો હોદ્દો મેં સંભાળેલો. પરંતુ આપ હવે છુટા થાઓ છો એટલે હું પણ ગુજરાત સ્વતંત્રપક્ષના ખજાનચી તરીકે આજથી છુટો થાઉ છું.

ગુજરાત સ્વતંત્ર પક્ષના ખજાનચી તરીકે છુટો થતો હોવા છતાં સ્વતંત્ર પક્ષના સભ્ય તરીકે ચાલુ રહું છું, કારણકે સ્વતંત્ર પક્ષ હવે એકજ પક્ષ છે કે જે ભારતના ખેડુતોને ઉંચા લાવવા માટે તેમજ લોકશાહીને મજબુત કરવા માટે કાર્ય કરે છે.

આજે ગુજરાત સ્વતંત્ર પક્ષના ખજાનચી તરીકેની જવાબદારી અદા કરતાં પક્ષને નાણાં ભંડોળ તેમજ લોન તરીકે કેટલાક મિત્રો પાસેથી રકમ લાવીને મેં આપેલી છે અને એ જવાબદારી આશરે રૂ. ૨૦,૦૦૦ - ની છે. આ જવાબદારીમાંથી મુક્ત થવા માટે મારા મિત્રો મારફત પ્રયત્ન કરતો રહીશ તેમ છતાં એ ખોટને પહોંચી વળવા માટે જે કંઇ રકમ ખુટે તે મેળવી આપવા માટે આપ પણ સહાયભૂત થશોજ એવી આશા રાખું છું

ફરીથી હું ખુલાસો કરી લઉં કે સ્વતંત્રપક્ષની નિતી રીતિ કે તેના કોઇ કાર્યકર સાથે મારે કોઇ મતભેદ નથી, પરંતુ ઘણા સમયથી મનમાં ખુંચ્યા કરતું કે કેળવણી વિષયક સંસ્થાની જવાબદારી સંભાળું છું અને છતાં રાજકારણી સંસ્થાના એક જવાબદાર વ્યકિતની જવાબદારી પણ સંભાળું તે બરાબર નથી, આમ માનતો હોવા છતાં આપના પરિચયમાં આવ્યા બાદ એક નિર્ણય કર્યો કે મનમાં ગમે તે વિચારો આવે છતાં અંતિમ નિર્ણય તો આપના કહ્યા પ્રમાણેનો માનવો. એ રીતે આજસુધી માનતો આવ્યો છું અને ભવિષ્યમાં પણ આપ કહેશો તે રીતે ચાલીશ તેની આપને ખાત્રી આપુ છું.

મારું રાજીનામું સ્વીકારી મને છુટો કરશો જેથી આપનો આભારી થઇશ.

લિ.

: ચીમનભાઇ દેસાઇ:
ખજાનચી
ગુજરાત સ્વતંત્ર પક્ષ,વલ્લભ વિદયાનગર

નકલ રવાના જાણ માટે:-

૧. શ્રી નટવરસિંહજી સોલંકી, તાલુકદારી હોસ્ટેલ, નડિયાદ.

૨. શ્રી એમ.આર.મસાણી, જનરલ સેક્રેટરી, સ્વતંત્ર પક્ષ, સાસુન બીલ્ડીંગ,૧૪૩, મહાત્મા ગાંધી રોડ, મુંબઇ -૧.

૩. ગુજરાત સ્વતંત્ર પક્ષ, મીશન રોડ, અમદાવાદ.